આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ જગતમાં અજાણ્યા કોઇ નથી.. એ બધા તો એવા મિત્રો છે. જેઓ અગાઉ મળ્યા નથી
- રવિન્દ્રનાથ ટાગોર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૪ | ૧૪ જૂન, ૨૦૧૪, શનિવાર; જેઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આરટીઈ એક્ટની વિસંગતતાઓ દૂર કરાશે

**ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી : શાળાઓમાં સો ટકા પ્રવેશોત્સવ દ્વારા જ સશક્ત અને શિક્ષિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકશે : કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની**







ગાંધીનગર, તા. ૧૩

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં રહેલી વિસંગતતાઓને ઝડપથી દૂર કરવામાં આવશે તેવો નિર્દેશ આજે કેન્દ્રના રાજ્યકક્ષાના માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીએ આપતાં જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે જે આગવી ઓળખ બનાવી છે તે વાત દેશ માટે પ્રેરક છે.

ગાંધીનગરથી છ કિ.મી.ના અંતરે આવેલ કુડાસણ ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવમાં ભાગ લેવા આવેલા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે વોશિંગ્ટન આર્કેટમાં કાયમી સદસ્ય ભારત બન્યુ છે તેનો લાભ એન્જીનીયરીંગ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ભરપૂર મળશે તેવો મને વિશ્વાસ છે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે આરટીઆઈ એક્ટમાં કેટલીક વિસંગતતાઓ છે આ અંગે રાજ્યોની રજુઆતો મળી છે. હવે આ મુદ્દે બધા રાજ્યો સાથે બેઠક કરી અને અભિપ્રાયો મેળવી તેમાં સુધારા કરી એક્ટ સર્વગ્રાહી બનાવવામાં આવશે.

સ્મૃતિ ઈરાનીએ જણાવ્યુ હતુ કે ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે પ્રવેશોત્સવ કરી ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે પ્રેરક કામગીરી કરી છે. આજે અધિકારીઓની ટીમ તેમની સાથે આવી છે જે પ્રવેશોત્સવ ગુણોત્સવ જેવા કાર્યક્રમો વિશેની જાણકારી મેળવી રહી છે.

શિક્ષણને લગતા જે પ્રશ્નો કેન્દ્ર સાથે પડતર હશે તેની પણ ચર્ચા અધિકારી કક્ષાએ થશે અને ત્યારબાદ અમે બહુ ઝડપથી તેના ઉકેલની દિશામાં આગળ વધીશુ.

દરમ્યાન કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ આજે ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામમાં ગુજરાત સરકારના ઉપક્રમે યોજાયેલા શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવમાં બોલતાં જણાવ્યું હતું કે શાળાઓમાં સો ટકા બાળકોના પ્રવેશોત્સવ દ્વારા જ એક સશક્ત અને શિક્ષિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકશે. એમણે કહ્યું

● અનુસંધાન પાન-૭ પર



# જિલ્લામાં ૯૦ ટકાથી વધુ બાળકોનું નામાંકન

**બીજા દિવસે પણ રૂ. પંદર લાખથી વધુ મત્તાનું દાન મળ્યું : ચારસોથી વધુ મહાનુભાવો પ્રવેશોત્સવમાં જોડાયા**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા શાળા પ્રવેશોત્સવના આજે બીજા દિવસે જિલ્લાની ૫૦ ટકાથી પણ વધુ શાળાઓમાં કામગીરી સંપન્ન થઈ છે અને બે જ દિવસમાં ૯૦ ટકાથી વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આજે બીજા દિવસે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી સ્મૃતિ ઈરાની, રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ સહિત રાજય અને જિલ્લાના અધિકારીઓ સહિત ૪૦૦થી વધુ મહાનુભાવોએ હાજરી આપી હતી. આજે બીજા દિવસે ધો-૧માં ૩૩૮૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો જયારે ૨૯૧૧ બાળકોએ ધો-૯માં પ્રવેશ મેળવ્યો હતો.

બીજા દિવસે પણ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે રૂ. ૧૫ લાખથી વધુનું દાન સંસ્થાઓને પ્રાપ્ત થયું હતું. આજે ૨૮ વિકલાંગ બાળકો અને ૨૩ શાળા છોડી ગયેલા બાળકોનું નામાંકન પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું.

જિલ્લા ભરમાં પ્રવેશોત્સવના કાર્યક્રમને લઈ ભારે ઉત્સાહ લોકોમાં પ્રવર્તી રહ્યો છે. ત્રણ શાળાઓમાં આજે ગુરૂજી ઓન લાઈન સોફટવેરનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

૨૦૮૨ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રવેશોત્સવમાં બેદરકારી બદલ ઉપશિક્ષકની તાબડતોબ બદલી

ગાંધીનગર, તા. ૧૩

પ્રવેશોત્સવના કાર્યક્રમમાં બેદરકારી દાખવવા બદલ ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામના એક ઉપ શિક્ષકની તાબડતોબ બદલી દહેગામના અંતરિયાળ વિસ્તારની ગામની સ્કૂલમાં કરાઈ છે. મળતી વિગતો મુજબ આ ઉપશિક્ષકે એક ઉચ્ચ અધિકારીની ઉપસ્થિતિ દરમ્યાન જ બેદરકારી દાખવી હોવાનું ધ્યાને આવતાં શિક્ષણ તંત્ર હરકતમાં આવ્યું હતું. હરકતમાં આવેલા શિક્ષણ તંત્રએ આ ઉપશિક્ષકને તાબડતોબ બદલીનો હુકમ પકડાવી દીધો હતો અને ગાંધીનગર તાલુકામાંથી બદલી કરી દહેગામ તાલુકાના અંતરિયાળમાં અંતરિયાળ ગામમાં હાજર થઈ જવા આદેશ કરાયો છે. તંત્રએ તાબડતોબ લીધેલા પગલાંથી શિક્ષણ જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આ અંગે તંત્રના અધિકારીઓ પણ ભેદી મૌન સેવી રહ્યા છે.

## ગાંધીનગર સહિત ચાર જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની બદલીઓ હવે ઓનલાઈન થશે

**પ્રાયોગિક ધોરણે હાલ સોફ્ટવેર રન કરાશે આ પછી વિધિવત્ સૂચના આપી બદલીઓનું રજીસ્ટ્રેશન કરાશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર, અમદાવાદ, પોરબંદર અને સાબરકાંઠા જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકોની બદલી હવે ઓનલાઈન કરવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગે શિક્ષકોની બદલીમાં વધુ પારદર્શિતા લાવવા માટે ઓનલાઈન ટ્રાન્સફર સોફ્ટવેર ડેવલપ કર્યુ છે અને આ માટે પ્રાયોગીક ધોરણે આ ચાર જિલ્લાની પસંદગી કરી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સોફ્ટવેરના ટ્રાયલ માટે આ ચાર જિલ્લાના શિક્ષકોને બદલી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા પણ વિભાગે જણાવ્યુ છે. આ અંગેની વિધિવત્ સૂચનાઓ જો કે હવે પછી જારી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે શિક્ષકોએ http//stt.ptc gujrat.org પર ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને તે પછી જિલ્લામાં જે રીતે જગ્યા ઉપલબ્ધ હશે તે મુજબ ઓનલાઈન જ ઓર્ડર પણ ઈસ્યુ કરી દેવામાં આવશે.

હાલ ૩૦મી જૂન સુધી આ સોફ્ટવેરનું ટ્રાયલ રન ચાલશે. આ પછી આ સોફ્ટવેર પર વિધિવત અરજીઓ ચાર જિલ્લામાંથી મેળવી

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી આજે ધરમપુરની પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણનો યજ્ઞ કરશે

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બારમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવના ત્રીજા દિવસ તા. ૧૪ જૂન ૨૦૧૪ શનિવારે વલસાડ જિલ્લાના દુર્ગમ વનવાસી ગામોમાં બાળકોનું શાળાનામાંકન કરાવવાના શિક્ષણ યજ્ઞનું નેતૃત્વ કરશે. આનંદીબેન પટેલ તા. ૧૪મી જૂન શનિવારે વલસાડ જિલ્લાના વનવાસી ક્ષેત્ર ધરમપુર તાલુકાના હનમતમાળ, સિદુંબર અને ધામણી ગામની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ જનઅભિયાનના પ્રેરક ઉત્સવમાં ગ્રામજનો સાથે સહભાગી બનશે.

# જીસીએના પ્રમુખ તરીકે અમિત શાહની નિમણૂંક

**અમદાવાદમાં જીસીએની બેઠકમાં બિનહરીફ વરણી કરાઈ : મોદી વડાપ્રધાન બન્યા બાદ હોદ્દો છોડી દીધો હતો : પરિમલ નથવાણી દ્વારા શાહનું નામ સુચવાયુ**


અમદાવાદ, તા.૧૩

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચુંટણીમાં ભાજપને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અમિત શાહની આજે ગુજરાત ક્રિકેટ એસોસીએશન (જીસીએ)ના પ્રમુખ તરીકે બિનહરીફ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. અમદાવાદમાં તેની ખાસ વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં અમિત શાહની નિમણૂંક કરવામાં આવી હતી. અમિત શાહ હવે નરેન્દ્ર મોદીની જગ્યા લેશે. મોદીએ ભારતના વડાપ્રધાન બન્યા બાદ જીસીએના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું. જીસીએની ૩૨ સભ્યોની કારોબારી સમિતિ પૈકી ૨૬ સભ્યો આજે ઉપસ્થિત રહ્યા હતા અને આ લાકોએ અમિત શાહની પસંદગી કરી હતી. જ્યારે ચાર સભ્યોએ ગેરહાજર રહેવાનું પસંદ કર્યુ હતું. જીસીએના એક વરિષ્ઠ હોદ્દેદારે આજે આ મુજબની માહિતી આપી હતી. ખાસ એજીએમની બેઠક માત્ર ૧૦ મિનિટ સુધી ચાલી હતી. આમાં પ્રમુખ તરીકે નરેન્દ્ર મોદીના રાજીનામાને સ્વીકારી લેવા અને આગામી પ્રમુખ તરીકે અમિત શાહની ચુંટણી કરવાના બે મુખ્ય મુદ્દા હતા. જીસીએના ઉપપ્રમખ પરિમલ નથવાણીએ આગામી પ્રમુખ તરીકે અમિત શાહના નામનું સૂચન કર્યું હતું. ત્યારબાદ ઉપપ્રમુખ કનૈયાભાઈએ આને ટેકો આપ્યો હતો. અન્ય કોઈ સભ્યો

● અનુસંધાન પાન-૭ પર



# શહેરમાં વાદળછાયું વાતાવરણ પરંતુ વરસાદ નહી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૩

અસહ્ય બફારા બાદ શહેરમા વરસાદી ઝાંપટા પડશે તેવી આશા લઈને બેઠેલા વસાહતીઓની વરસાદની આશા પૂર્ણ થઈ ન હતી. આકાશમાં વાદળો છવાયા હતા પરંતુ ક્યાંય વરસાદનો છાંટોય પડ્યો ન હતો. આજે આખો દિવસ સતત પવન ફુંકાયો હતો. ક્યારેક ક્યારેક વાદળો આકાશમાં ઘેરાઈ આવતા હતા. પરંતુ વરસાદ પડ્યો ન હતો. હવામાન વિભાગે વરસાદની આગાહી કરી હતી. જેના કારણે ગાંધીનગરાઓને વરસાદની આશા બંધાઈ હતી. વસાહતીઓ વારંવાર આકાશ સામે નજર નાંખી લેતા હતા પરંતુ છેક મોડી સાંજ સુધી વરસાદ ન આવતા વસાહતીઓની આશા પરિપૂર્ણ થઈ ન હતી. વરસાદ ન પડતા ગરમીનું જોર યથાવત રહ્યું હતું. મહત્તમ તાપમાન ૩૯.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૩૭ ટકા રહ્યું હતું.

ગુજરાતમાં ગરમીમાં હાલમાં ઘટાડો થયો છે. વાદળછાયું વાતાવરણ હોવાના લીધે તાપમાન ઘટવાની સાથે-સાથે ગરમીથી પણ આંશિક રાહત મળી છે. બીજી બાજુ અમદાવાદ સહિત રાજ્યના કેટલાક ભોગામાં વરસાદી ઝાપટા પડવાની પણ સંભાવના છે. આજે રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. સૌરાષ્ટ્રના જુદા-જુદા ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. રાજુલા, ખાંબા, બાબરા પંથકમાં વરસાદ થતાં આંશિક રાહત થઈ હતી. અમરેલી જિલ્લામાં કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. લોકોના ચેહરા ઉપર ખુશી જોવા મળી હી. અરબી દરિયામાં સર્જાયેલા લો પ્રેશરના કારણે અમરેલી જિલ્લાનું વાતાવરણ બદલાઈ ગયું છે. વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. અમરેલી ઉપરાંત જુનાગઢમાં પણ અમી છાંટા પડતા વાતાવરણમાં માટીની મહેક પ્રસરી ગઈ હતી. સોરઠમાં તીવ્ર પવન ફુંકાયો હતો. રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હોવાના હેવાલ મળ્યા છે. શહેરમાં ગરમીનું પ્રમાણ એકાએક ઘટ્યું છે.


Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR : GPSC દ્વારા ગુજરાત સરકારમાં ભરતી પરીક્ષા તા. 12.10.2014
GPSC 351 જગ્યાઓ
કોઈપણ સંસ્થામાં પ્રવેશ મેળવતાં પહેલાં, થોભો...! વિચારો...! અને પછી જ નિર્ણય કરો...!
કારણ કે
આપનો એક નિર્ણય આપનું ભવિષ્ય બદલી શકે છે !
20 વર્ષ થી સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...!
General Study : MUKESH PATEL
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
Ph.D. કક્ષાના 20 વર્ષના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ !
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
બેચની સગવડ : સોમ થી શુક્ર અથવા શનિ / રવિ (સવાર / બપોર / સાંજ)
GPSC CSAT/GS
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
નવી બેચ શરૂ થવાની તારીખ
સોમ થી શુક્ર 19/6, 26/6, 2/7 10/7
શનિ / રવિ 20/6, 27/6, 3/7, 10/7
નવી ફી ₹ 38,000/- (F) ₹ 41,000/- (M)
તલાટી/કલાર્ક/એકાઉન્ટન્ટ/કોન્સ્ટેબલ/વન સહાયક : વર્ગ-3, 15000 થી વધુની ગુજરાત સરકારમાં વર્ષ 2014 માં ભરતી
માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / GS / બુદ્ધિ ચાતુર્ય / કોમ્પ્યુટર
● સોમ થી શુક્રની બેચ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
નવી બેચ શરૂ થવાની તારીખ 20/6, 27/6, 16/7
નવી ફી ₹ 18,000/- (F) ₹ 21,000/- (M)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાહનની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
મહેસાણા 9537614607
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
22-6-14 થી નવી ફી લાગુ